અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના
લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી
આપવાની સત્તા અંગે

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ નં અજપ/૧૫/૨૦૧૫/૪૨૦૫૭૫/હ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૧૪/૭/૨૦૧૫

વંચાણે લીધા:

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રઃ એસસીડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ તા.૨૪/ ૫/૮૮
(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રઃએસસીડબલ્યુ/ ૧૦૮૨/ ૫૯/ ખ તા. ૪/૬/૮૨
(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રઃઅજપ/ ૧૯૯૯/ ૪૦૬/ ચ તા. ૫/૫ ૧૯૯૯
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રઃ મકમ/ ૧૦૨૦૧૪/ નામાભિધાન/જ તા. ૯/૪/૨૦૧૫
(૫) નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ,ગાંધીનગરનો તા. ૩૦/૫/૨૦૧૫ નો પત્ર ક્રઃ અજાક/મ-૫/૨૦૧૫/૨૨૦૪

## સુધારા ઠરાવઃ-

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ના તા. ૨૪/૫/૮૮ ના ઠરાવથી તેમજ તા. સમાજ કલ્યાણ વિભાગના તા. ૪/૩/૮૯ ના સુધારા ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે અધિકારીઓને સત્તા આપવાનું નકકી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રઃ૪ ઉપરના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૯/૪/૨૦૧૫ ના ઠરાવ ક્રઃ

મકમ/૧૦૨૦૧૪/નામાભિધાન/જ થી નાયબ નિયામક,જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી વર્ગ-૧ ની જગ્યાઓ મર્જ કરી નાયબ નિયામક વર્ગ-૧ નું નામ નામાભિધાન કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક-૫ ઉપરની નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરની તા. ૩૦/૫/૨૦૧૫ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા આપવા અંગે નિયત કરેલ અધિકારીઓની યાદી વંચાણે લીધેલ ક્ર: ૧ ઉપરના તા. ૨૪/૫/૮૮ ના ઠરાવ સાથેના પરિશિષ્ટમાં ક્રમાંક: ૯ પછી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

!! ૧૦. નાયબ નિયામક, જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી અને તકેદારી અધિકારી વર્ગ-૧ ને બદલે નાયબ નિયામક (અજાક) વર્ગ-૧ વાંચવુ !!

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જગદીશ ખડિયા )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી,સંસદીય સચિવશ્રી,(અનુસુચિત જાતિઓનું કલ્યાણ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ,ગાંધીનગર
- સર્વે નાયબ નિયામકશ્રીઓ,અનુસુચિત જાતિ કલ્યાણ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે કલેકટરશ્રીઓ
- સેકશન અધિકારીશ્રી કોમ્પ્યુટર સેલ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર( વિભાગની વેબ સાઇટ પર મુકવા સારૂ)
- સર્વે શાખાઓ
- સિલેકટ ફાઇલ-